હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ

તું સમજ, ... જોતી નથી વાયુ વાવાઝોડુ આવવાનું છે ને માથે વાયુ વધારે તેવા બટેટાનું શાક બનાવવા લાગી છો...??

કોલવડામાં પાલતુ શ્વાન માટે બે પાડોશીઓ વચ્ચે મારામારી સર્જાઈ

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર શહેરને અડીને આવેલા કોલવડા ગામમાં પાલતુ શ્વાનને પગલે બે પરિવારો વચ્ચે મારામારીની ઘટના સામે આવી છે. શ્વાન પોતાના ધાબા પર આવતો હોવાનું કહેતા પતિ-પત્નિ પર પાડોશી પરિવારના સભ્યોએ હુમલો કર્યો છે. શ્વાન અંગેનો ઝઘડો પેથાપુર પોલીસ મથક સુધી પહોચ્યો છે જેમાં પરિવારના ચાર સભ્યો સામે ફરીયાદ દાખલ થવા પામી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ કોલજવા ગામના પરમાર વાસમાં રહેતા શૈલેષ ખેમાભાઈ પરમાર ઉંવ.૩૫ નોંધાયેલી ફરિયાદ મુજબ મંગળવારના રોજ રાત્રીના ૯ કલાકના અરસામાં પાડોશમાં રહેતા પ્રવિણભાઈ કેશાભાઈ પરમારનો પાલતુ શ્વાન તેમના ધાબા પર આવ્યો હતો. જેથી શૈલેશભાઈ પ્રવિણભાઈને કહેવા ગયા હતા કે તમારા શ્વાનને બાંધી દો અમને કરડી જશે આ અંગે પ્રવિણભાઈ ઉશ્કેરાઈ જઈ ગાળાગાળી શરુ કરી મારવા લાગ્યા હતા. તેમનુ ઉપરાણુ લઈ તેમના પત્ની વિમળાબેન તેમજ ભાણીયો પિયુશ પરમાર અને ધર્મેશે પણ તેમને ગડદા પાટુનો માર માર્યો હતો. જેમાં લાકડી હાથ પર અને ટેબલ માથાના ભાગે માર્યુ હતું. ફરીયાદીના પત્ની જયાબેન વચ્ચે પડતા વિમળાબેન તેમને ગડદાપાટુનો માર માર્યો હતો. બનાવને પગલે હોહા મચી ગઈ હતી. પ્રવિણભાઈ જતા સમયે ઘર ખાલી કરવા જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. જે અંગે શૈલેષભાઈએ પેથાપુર પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

મા-બાપની જીદમાં આરંભેલા
અણગમતા અભ્યાસક્રમથી છુટવા યુવતિનું વિચિત્ર તરકટ

ગાંધીનગર,તા.૧૨

થોડા સમય પહેલા થ્રી ઈડીયટ્સ નામની ફિલ્મ આવી હતી જેમાં મા-બાપ દ્વારા પોતાના સંતાનોને તેમની મરજી વિરુધ્ધના અભ્યાસ ક્રમમાં બળજબરી ધકેલી હરીફાઈની દુનિયામાં અગ્રસર રહેવાની ધુનમાં સંતાનોની જીંદગી જોખમમાં મુકે છે તે બાબતને અસરકારક રીતે ઉજાગર કરવામાં આવી હતી. ત્યારે આજે ગાંધીનગરમાં બનેલો એક કિસ્સો આ પ્રકારની સ્થિતિને જ અનુરુપ હોવા સાથે આવી ખોટી જીદ કરનાર મા-બાપની આંખ ઉઘાડવા સાથે સમગ્ર સમાજ માટે લાલબતી સમાન છે. પ્રાપ્ત માહિતી મુજબ વિજાપુર શહેરની એક યુવતિ ગાંધીનગર ખાતે કોલેજ કરે છે. અંગ્રેજી માધ્યમમાં અભ્યાસ કરવો ન પડે તે માટે યુવતિએ રચેલા તરકટને પગલે પરિવાર અને પોલીસ બંન્ને દોડતા થઈ ગયા હતા. ગાંધીનગર એસટી ડેપો ખાતે મંગળવારના રોજ ૧૧ કલાકના અરસામાં ઉતરી હતી. ત્યારબાદ ગણતરીની મિનીટમાં યુવતિ સે-૨૮ ગાર્ડન પાસે રડતી જોવા મળી હતી. પોલીસ અને પરિવાર સામે યુવતિએ કહ્યું હતું કે તે ડેપોમાં ઉતરી ત્યારે તેની આંખમાં કંઈ વસ્તુ નાંખીને તેને ખેંચીને વાહનમાં બેસાડી દીધી હતી. તેના થોડા સમય બાદ તેને સે-૨૮ ના ગાર્ડન પાસે ઉતારી દીધી હતી. બનાવને પગલે પરિવાર અને પોલીસ બંન્નેની ચિંતાઓ વધી જવા પામી હતી.

જો કે પોલીસે તેનું મેડીકલ ચેકઅપ કરાવતા તેની આંખમાં કોઈપણ વસ્તુ નાંખી ન હોવાનો રીપોર્ટ આવ્યો હતો. તેમજ તેની સાથે કઈ અઘટીત ઘટ્યુ ન હોવાનું સામે આવ્યું હતું. જેને પગલે પોલીસ અને પરિવારના સભ્યોએ રાહતનો શ્વાસ લીધો હતો. તો બીજીતરફ પોલીસે તપાસ શરુ કરતા માલુમ પડ્યું કે યુવતિને અંગ્રજી માધ્યમમાં અભ્યાસ કરવો ન હતો અને પરિવારના પ્રેશર વચ્ચે તેણે આ નાટક કર્યું હતું. યુવતિના અભ્યાસ માટે રૂ. ૧ લાખની ફી તેની માતાએ ભરી હતી. પરંતુ યુવતિને અંગ્રેજીમાં અભ્યાસને પગલે યુવતિને મુશ્કેલી પડતી હતી અને તેને અભ્યાસમાં કંઈ યાદ રહેતુ ન હતું.જેથી કોલેજના એક વર્ષમાં મુશ્કેલી વધી જતા તેને અભ્યાસ છોડવા માટે તરકટ રચ્યું હતું. યુવતિ અગાઉ હોસ્ટેલમાં રહીને અભ્યાસ કરતી હતી. પરંતુ તેની રોજ બહાનાબાજીને પગલે પરિવાર તેને પોતાના ઘરે લઈ ગયો હતો. પોલીસે સીસીટીવી ફુટેજ ચેક કરતા યુવતિ જાતે જ સે-૨૮ બાજુ જતા દેખાઈ હોવાથી સમગ્ર નાટક પરથી પડદો ઉંચકાયો હતો. ત્યારે આ બનાવ આજના માતા-પિતા માટે લાલબતી સમાન કિસ્સો છે.

કોલવડામાં ઝાડા-ઉલ્ટીના વધુ પાંચ કેસ મળી આવ્યા

પાણીજન્ય રોગચાળો હોવાનું તંત્રનું પ્રાથમિક અનુમાન : સર્વેલન્સ સઘન કરવા માટેની સૂચનાઓ અપાઈ

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર શહેર નજીક આવેલ કોલવડા ગામમાં આજે સર્વેલન્સ દરમ્યાન વધુ પાંચ કેસ મળી આવતાં ઝાડા-ઉલ્ટીના દર્દીઓની સંખ્યા સત્તાવાર રીતે ૩૧ પર પહોંચી છે. કોલવડા ગામમાં પાણીજન્ય રોગચાળો હોવાનું અનુમાન વ્યક્ત થઈ રહ્યુ છે. તંત્રએ આજે પણ વધુ એક બાળ દર્દીના સ્ટૂલ સેમ્પલને પરીક્ષણ માટે મોકલ્યુ હોવાનું જાણવા મળેલ છે.

કોલવડામાં રેપીડ રિસ્પોન્સ ટીમ બોલાવવી કે કેમ ? તેને લઈ તંત્ર દ્વારા ગંભીરતાથી વિચારણા ચાલી રહી છે જોકે હાલ આ બાબતે કોઈજ નિર્ણય નહિ લેવાયો હોવાની વાત પણ તંત્રના સૂત્રો કહી રહ્યા છે. કોલવડામાં ઝડપથી પરિસ્થિતિ નિયંત્રણ હેઠળ આવી જશે તેવો વિશ્વાસ તંત્રના સૂત્રો વ્યક્ત કરી રહ્યા છે. આજે બપોર પછી નવા કેસ નહિ મળ્યાનું પણ જાણવા મળેલ છે.

તંત્ર દ્વારા સઘન સર્વેલન્સની કામગીરી ચાલુ છે અને કાલે પણ આ કામગીરી ચાલુ રાખવામાં આવી હોવાનું જાણવા મળેલ છે. પાણીના નમૂના જે પરીક્ષણ માટે મોકલવામાં આવ્યા છે તેનો અહેવાલ હજુ સુધી નહિ આવ્યો હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

કલ્યાણકારી યોજનાઓનો લાભ ગ્રામવાસીઓને મળે તે હેતુ ગ્રામસભાનો છે : જિલ્લા વિકાસ અધિકારી

સઈજની ગ્રામસભામાં ડીડીઓ જોડાયા; જિલ્લામાં નબળો પ્રતિસાદ : કેટલાક અધિકારીઓએ પણ ગ્રામસભામાં ગરમીને લઈ જવાનું ટાળ્યુ હોવાની વાતો

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લામાં ચાલી રહેલા ગ્રામસભા અભિયાનમાં જિલ્લા વિકાસ અધિકારી આર.આર. રાવલ કલોલ તાલુકાના સઈજ ગામે પહોંચ્યા હતા. જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખના ગામની આ ગ્રામસભામાં પહોંચેલા જિલ્લા વિકાસ અધિકારી પંચાયત કચેરી સહિત વિવિધ સંસ્થાઓની પણ મુલાકાત લીધી હતી.

જિલ્લા વિકાસ અધિકારીએ ગ્રામસભાને સંબોધતાં આગામી દિવસોમાં આવી રહેલ શાળા પ્રવેશોત્સવ, કૃષિ મહોત્સવ, યોગ દિવસ તેમજ વન-મહોત્સવ જેવા કાર્યક્રમોનો લાભ લઈ જન-જાગૃતિ બતાવવા જ નહિ પણ બાળકના જીવનમાં શિક્ષણનું કેટલુ મહત્વ રહેલુ છે તેની વાતો તળપદી ભાષામાં કરી સૌને ચોંકાવી દીધા હતા. તેમણે જણાવ્યુ હતુ કે કલ્યાણકારી યોજનાઓના લાભથી કોઈ ગ્રામવાસી બાકી ના રહે તે જ હેતુ આ ગ્રામસભાનો રહેલો છે. તેમણે ગામના વિકાસમાં સૌના સહયોગ સાથે સૌની સક્રિયતા પર ભાર મુક્યો હતો.

આ ગ્રામસભામાં તાલુકા વિકાસ અધિકારી મૌલિકભાઈ ડાંગી તેમજ તાલુકાના અન્ય અધિકારીઓ પણ હાજર રહ્યા હતા. જિલ્લામાં ચાલી રહેલા ગ્રામસભા અભિયાનમાં આજ સુધીમાં ૧૩૨ ગ્રામસભાઓ સંપન્ન થઈ છે. જેમાં માત્ર ૫૦ જ પ્રશ્નો રજુ થયા છે. જેમાં ૩૧ પ્રશ્નોનો સ્થળ પર નિકાલ કરવામાં આવ્યો છે જ્યારે ૭ પ્રશ્નોનો નકારાત્મક ઉકેલ આવ્યો છે. ૧૨ જેટલા પ્રશ્નો નીતિ વિષયક હોવાથી તે પડતર રહેવા પામ્યા છે.

આ અભિયાનમાં ૧૩,૨૯૫ લોકોએ હાજરી આપી છે. જોકે આમાં મહિલાઓની સંખ્યા ૪ હજાર જેટલી જ છે જ્યારે નવ હજાર જેટલા પુરૂષોએ હાજરી આપી છે. જિલ્લામાં એક તરફ પંચાયતોની પેટા-ચૂંટણી ચાલુ હોવાથી માત્ર ૧૯૬ ગામોમાં જ આ અભિયાનનું આયોજન કરાયુ છે. ૧લી જુનથી શરૂ થયેલુ આ અભિયાન હવે બે દિવસ ચાલશે. આ વખતે અભિયાનમાં લાયઝન ઓફિસર તરીકે નિમાયેલા કેટલાક અધિકારીઓએ તો ગ્રામસભામાં જવાનુ ટાળ્યુ હોવાની વાતો પણ લોકજીભે ચર્ચામાં સાંભળળા મળી છે. ગ્રામજનોમાં પણ આ અભિયાનને લઈ ઉત્સાહ જોવા મળતો નથી.

પંચાયત ધારાની જોગવાઈઓને આધીન આ ગ્રામસભાઓ યોજવી જરૂરી હોવાથી યોજાઈ રહી હોવાનું પણ ચર્ચાઈ રહ્યુ છે.

ટ્રાફિક નિયમન માટે અનેક નિયમો બનાવાયા હોવા છતાં તેનો કડક અમલ ન થતાં મુસાફરોના માથે જોખમ સર્જાય છે. ચિલોડા સર્કલ આસપાસ અનેક વાહનોમાં પેસન્જરો ખીચોખીચ ભરેલા જોવા મળી રહ્યા છે. પોલીસની રહેમનજર હેઠળ વાહનચાલકો ટ્રાફિકના નિયમો તોડી રહ્યા છે.

જિલ્લા પંચાયતમાં બે સંવર્ગમાં બદલીઓ કરાઈ

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લા વહીવટીતંત્રમાં બદલીનો ગંજીફો ચીપાયા બાદ આજે જિલ્લા પંચાયતમાં પણ બે સંવર્ગમાં બદલીઓના હુકમો જારી કરવામાં આવ્યા છે.

જિલ્લા પંચાયતમાં આજે સાંજે પાંચ સિનિયર ક્લાર્ક જે ત્રણ વર્ષ કરતાં વધુ સમયથી ફરજો બજાવતા હતા તેમની બદલીના હુકમો કરવામાં આવ્યા છે. જે સિનીયર ક્લાર્કની બદલીના હુકમો કરાયા છે તેમાં વી.એમ. મકવાણા, એમ.બી. ચાવડા, પી.બી. ત્રિવેદી, એચ.જે. પટેલ અને જી.એ. પટેલનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત સાત જુનિયર કારકુનની બદલીના હુકમો કરવામાં આવ્યા છે. જેમાં બી.ડી. ચૌધરી, જે.બી. મકવાણા, એચ.પી. પટેલ, કુ. એસ.આર. દેસાઈ, વી.એસ. નિમ્બાર્ક, ડી.એમ. ગોહિલ તેમજ જયદીપ સોલંકીનો સમાવેશ થાય છે.

જિલ્લા પંચાયતમાં બદલીના દોરની વાતો છેલ્લા ઘણા સમયથી થતી હતી અને આજે માત્ર બે સંવર્ગમાં જ બદલીઓ કરવામાં આવી છે તેથી આગામી દિવસોમાં વધુ બદલીઓ થશે તેમ મનાઈ રહ્યુ છે.

આઈઆઈટી ગાંધીનગર દ્વારા જેઈઈ ઓપન હાઉસનું આયોજન

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગરની ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી દ્વારા ગાંધીનગર ઉપરાંત દિલ્હી અને મુંબઈ ખાતે જેઈઈ ઓપન હાઉસનું આયોજન કરવામાં આવશે જેના થકી જેઈઈ-એડવાન્સ્ડ ક્વાલિફાઈડ વિદ્યાર્થીઓ તથા તેમના વાલીઓને કારકિર્દીલક્ષી જરૂરી માર્ગદર્શન પ્રાપ્ત થઈ શકે. ઓપન હાઉસ થકી વિદ્યાર્થીઓ તથા વાલીઓને આઈઆઈટીની સીસ્ટમને વધુ સારી રીતે સમજવાનો મોકો પણ પ્રાપ્ત થશે.

આઈઆઈટી-ગાંધીનગર દ્વારા આગમી તા. ૨૨મી જૂને નવી દિલ્હી ખાતે, તા. ૨૩મી જૂને ચર્ચગેટ-મુંબઈ ખાતે અને ગાંધીનગર કેમ્પસ ખાતે પણ તા. ૨૩મી જૂને જ જેઈઈ ઓપન હાઉસનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઓપન હાઉસમાં ભાગ લેવા ઈચ્છતા વિદ્યાર્થીઓ તથા વાલીઓએ આઈઆઈટી ગાંધીનગર ઓપન હાઉસના વેબપેજ પરથી ઓનલાઈન રજીસ્ટ્રેશન કરી શકે છે. આઈઆઈટી ગાંધીનગરના એકેડેમિક અફર્સના ડીન પ્રો. પ્રતિક મુથાએ અખબારી યાદીમાં જણાવ્યું છે કે ''આઈઆઈટી-જી ઓપન હાઉસ વિદ્યાર્થીઓ તથા વાલીઓની મુંઝવણને લક્ષ્ય બનાવીને યોજવામાં આવ્યું છે જેઓ વિવિધ વિદ્યાશાખા, વિવિધ કોર્સ, કોર્સ સ્ટ્રક્ચર તેમજ અન્ય પ્રવૃત્તિઓ અને તકોથી માહિતગાર થઈ શકે.

બીએસએફ કેમ્પસ ખાતે સ્પોર્ટસ ડેની ઉજવણી કરવામાં આવી હતી. બીએસએફના જવાનોએ વિવિધ રમતોમાં ભાગ લઈ પોતાનું કૌવત દર્શાવ્યું હતું.

શહેરના ઘ-૦ થી ચ-૦, જ- રોડ પર વૃક્ષો ન કાપવા શહેરીજનોની માંગ

ગાંધીનગર, તા. ૧૨

સ્વચ્છ અને સ્વસ્થ વાતાવરણ અને શહેર બનાવવાની વાત સરકાર દ્વારા કરવામાં આવી રહી છે ત્યારે ૫૦ થી ૨૦૦ વર્ષ જુના વૃક્ષો ચ-૦ થી ઘ-૦ અને જ-રોડ પર કપાઈ રહ્યા છે. રોડને છ માર્ગીય રસ્તા બનાવવાના બહાને તંત્ર દ્વારા ઘણા વૃક્ષો કપાઈ રહ્યા છે. ત્યારે નગરજનોમાં રોષ ફેલાયેલો છે. તેઓ સરકાર સમક્ષ માંગણી કરે છે કે જેટલા વૃક્ષ કપાયા છે તેની સામે તેટલા વૃક્ષો આગામી ૧૦૦ વર્ષના આયોજનમાં કપાશે નહિ તેવી જગ્યા ફાળવી નગરજનોને વૃક્ષ વાવવા, ઉછેરવા અને પર્યાવરણને બચાવવા તજવીજ કરવા અને જુના વૃક્ષોનુ જતન કરી તેને કપાતા અટકાવવા તિવ્ર માંગ ઉઠી છે.

પર્યાવરણ પ્રેમી સંસ્થાઓ ગાંધીનગર શહેર વસાહત મહામંડળ, જાગૃત નાગરિક પરિષદ, સીનીયર સીટીઝન્સ કાઉન્સિલ, જ્યોતી મહિલા મંડળ જેવી આગેવાન સંસ્થાઓ દ્વારા માંગણી કરવામાં આવી છે. ઘ-૦ થી ચ-૦, જ-રોડ પર છ લાઈનનો રસ્તો સર્વિસરોડ જ્યા હયાત છે ત્યાં હવે વધુ પહોળા કરી માર્ગ સલામતી જોખમમાં મુકવાની જરૂર નથી. વૃક્ષો કાપી છ માર્ગીય રસ્તા બનાવાવનું આયોજન અટકાવવુ જોઈએ. રાષ્ટ્રીય ધોરી માર્ગને નગરમાંથી પસાર થતો અટકાવી વિકાસના નામે વૃક્ષો કાપવાનું બંધ કરી પર્યાવરણ બચાવવું જોઈએ.

પ્રતિષ્ઠિત આઈઆઈટી-રૂરકીનું ગાંધીનગરમાં આગમન

સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી ખાતે આઈઆઈટી-આર દ્વારા વર્ચ્યુઅલ લેબ કાર્યરત કરાઈ

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગરની સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી ખાતે હવે ભારતની જાણીતી આઈઆઈટી-રૂરકી દ્વારા વર્ચ્યુઅલ લેબની સ્થાપના કરવામાં આવી છે. જેને કારણે યુનિવર્સિટીના વિવિધ ટેકનિકલ શાખાઓના વિદ્યાર્થીઓને આઈઆઈટી-આરના નિષ્ણાંતોનું સીધુ માર્ગદર્શન પ્રાત થઈ શકશે. આ માટે યુનિવર્સિટીના કોમ્પ્યુટર એન્જિનીયરીંગ ડિપાર્ટમેન્ટના હેડ ડૉ. ગૌરવ અમેટાને આ નોડલ સેન્ટરના કો ઓર્ડિનેટર પદે નિયુક્ત કરવામાં આવ્યાં છે.

આઈઆઈટી-રૂરકીના સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી ખાતે બનાવાયેલ વર્ચ્યુઅલ લેબ નોડલ સેન્ટર ખાતે ઓટો મોબાઈલ, કોમ્પ્યુટર્સ, ઈલેક્ટ્રોનિક્સ કેમિકલ, ઈલેક્ટ્રિકલ, સિવિલ તથા મિકેનિકલ જેવી વિવિધ વિદ્યાશાખાના વિદ્યાર્થીઓ આઈઆઈટી-આરના નિષ્ણાંતો તથા તજજ્ઞોના માર્ગદર્શનમાં રહીને પોતાના એસાઈનમેન્ટ્સ તેમજ વિવિધ કોર્સ, પ્રોજેક્ટ્સ, સંશોધન, ઈનોવેશન વગેરે કરી શકશે. આ માટે તેમને અનુભવી નિષ્ણાંતોનું સીધુ માર્ગદર્શન પ્રાપ્ત થઈ શકશે. આ ઉપરાંત આઈઆઈટી-આરના નિષ્ણાંતો સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટીના કેમ્પસમાં આવીને વિદ્યાર્થીઓ માટે ટેકનિકલ વર્કશોપ્સ તથા સેમિનાર યોજી વિદ્યાર્થીઓને પોતાના જ્ઞાન અને અનુભવોનો લાભ આપશે. હાલ યુનિવર્સિટીના ત્રણ વિદ્યાર્થીઓ હર્ષ પટેલ, સુમિત રાણા અને અભિષેક રેડ્ડી આઈઆઈટી-આરના બી કેમ્પ માટે પસંદગી પામ્યા છે જેઓ ૧૦ દિવસ આઈઆઈટી આરમાં રહી તાલીમ પ્રાપ્ત કરી રહ્યાં છે.

જાહેર નોટીસ

અરજદારના વિ.વ.શ્રી કે. એમ. મારીવાડ
મોડાસાના મે.એડી. જ્યુડી.મેજી.ફ.ક. સાહેબશ્રીની કોર્ટમાં, મુ. મોડાસા
ફો.પ.અ.નં.૨૩/૨૦૧૯

અરજદાર : રણછોડભાઈ કાંનાભાઈ ચમાર
રહે. ગઢડા, તા. મોડાસા, જી. અરવલ્લી

વિરુદ્ધ

સામાવાળા : જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી
ગઢડા ગ્રામ પંચાયત કચેરી, તા. મોડાસા, જી. અરવલ્લી

બાબત : જન્મ મરણ નોંધણી અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ

આથી લાગતા વળગતા તમામ ઈસમોને આ જાહેર નોટીસ પ્રસિદ્ધ કરી જાણ કરવામાં આવે છે કે, અત્રેની કોર્ટમાં અરજદાર રણછોડભાઈ કાંનાભાઈ ચમારના પિતાશ્રી નામે કાંનાભાઈ ધનાભાઈ ચમારનું મરણ તા. ૧૨/૩/૨૦૧૩ના રોજ ગઢડા મુકામે ઉંમરના કારણે મરણ થયેલ છે. જે મરણ અંગેની નોંધણી અરજદાર કાયદાના અજ્ઞાન માણસ હોઈ શરતચુકથી જે તે સમયે નોંધાવવાની રહી ગયેલ હોઈ જે મરણની નોંધણી કરાવવા માટે અત્રેની કોર્ટમાં ક્રીમીનલ પરચુરણ અરજ દાખલ કરેલ હોઈ, અરજદારના પિતાશ્રી નામે કાંનાભાઈ ધનાભાઈ ચમારનું મરણ ૧૨/૩/૨૦૧૩ના રોજ ગઢડા મુકામે ઉંમરના કારણે મરણ થયેલાની નોંધણી સામાવાળાના દફતરે કરાવવાની હોઈ જે બાબતે જે કોઈ ઈસમોને વાંધો, હરકત કે હેલો હોય તેઓએ આ જાહેર નોટીસ પ્રસિદ્ધ થયેથી મુ. તા. ૨૪/૬/૨૦૧૯ના રોજ અત્રેની કોર્ટમાં સવારના ૧૧.૦૦ કલાકે હાજર થઈ વાંધાઓ રજૂ કરવા, જો તેમ કરવામાં નહી આવે તો સદર અરજી બાબતે આગળની કાયદેસરની કાર્યવાહી અનુસરવામાં આવશે, જેની સર્વે ઈસમોએ નોંધ લેવી.

આજ તારીખ ૨૯મી માહે મે સને ૨૦૧૯ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સીક્કો

તૈયાર કરનાર સહી/- (ડી. જી. જોષી) આસીસ્ટન્ટ
મુકાબલ કરનાર સહી/- (એમ.યુ. મિર્ઝા) સુપ્રિન્ટેન્ડેન્ટ
હુકમથી સહી/- (એમ.ડી. પરમાર) રજીસ્ટ્રારશ્રી પ્રિન્સીપાલ સીનીયર સીવીલ કોર્ટ, મોડાસા

ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ

બ્લોક નં. ૧૮, ૪થો માળ, ઉદ્યોગભવન, સે.૧૧, ગાંધીનગર-૩૮૨૦૧૭
ફોન નં. ૨૩૨૪૯૦૧૭, ૨૩૨૪૯૦૧૮

જાહેર નોટીસ

નગર રચના યોજના નં.૭ (સરગાસણ-કુડાસણ-પોર)

ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળની નગર રચના યોજના નં. ૦૭ (સરગાસણ-કુડાસણ-પોર)ની પ્રારંભિક યોજના સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા. ૧૫-૫-૨૦૧૭ના જાહેરનામાંથી મંજુર થઈ અમલમાં આવેલ છે. સત્તામંડળ દ્વારા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની જોગવાઈઓ મુજબ જે અંતિમખંડના કબ્જા-ફેરફારની કાર્યવાહી બાકીમાં હોય, તે અંતિમખંડો માટે **તા. ૧૨-૬-૨૦૧૯થી કાર્યવાહી ચાલુ કરવામાં આવેલ છે. જે આગામી દિવસ તા. ૧૩-૬-૨૦૧૯થી તા. ૧૪-૬-૨૦૧૯ના રોજ** સવારે : ૧૧.૦૦ કલાકથી સાંજે ૫.૦૦ કલાક સુધી કબ્જા - ફેરફારની કાર્યવાહી કરવામાં આવનાર હોય અંતિમખંડોના માલિકોને સ્થળ પર હાજર રહેવા જણાવવામાં આવે છે. વધુમાં યોજનામાં સમાવિષ્ટ અંતિમખંડોના માલિકોને નોટીસ બજાવવાના પુરતા પ્રયત્નો કરવામાં આવેલ છે. તેમ છતાં યોજના વિસ્તારના જે અંતિમખંડોના જમીન માલિકોને કોઈ કારણસર નોટીસ મળેલ ન હોઈ અને અંતિમખંડોના કબ્જા - ફેરફારની કાર્યવાહી બાકીમાં હોય તેવા જમીન માલિકોને અંતિમખંડોનો કબ્જો મેળવવા સ્થળ ઉપર હાજર રહેવા જણાવવામાં આવે છે.

પ્રવર નગર નિયોજક
ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ
ગાંધીનગર

માહિતી/૩૧૭/૧૯-૨૦